CHIPS
Express
www.chipsairexp.com
CHIPS
પરદેશ પાર્સલ સર્વિસ
chipsgnd@gmail.com
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૭૪ | ૧૬ ડિસેમ્બર, ૨૦૧૯, સોમવાર; માગશર વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# નાગરિકતા બીલ ૧૦૦૦ ટકા સાચુ : મોદી

**ઝારખંડમાં ડુમકામાં મોદી દ્વારા જોરદાર પ્રચાર : મારો વિરોધ કરતા-કરતા કોંગ્રેસ દેશ વિરોધી થઈ : દેશમાં અરાજકતા ફેલાવવાનો કોંગ્રેસ પર આક્ષેપો : પાક દ્વારા જે કામ પહેલા કરાતું હતું તે કામો હવે કોંગ્રેસ કરે છે**



ડુમકા, તા. ૧૫

નાગરિકતા કાનૂનને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ અને તેના સાથી પક્ષો ઉપર આજે તેજાબી પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, ગઈકાલ સુધી જે કામ પાકિસ્તાન કરી રહ્યું હતું તે આજે કોંગ્રેસ કરી રહી છે. દેશમાં અરાજકતા ફેલાવવાનો આક્ષેપ કરતા મોદીએ કહ્યું હતું કે, જે રીતે દેશમાં આગ લગાવવાના પ્રયાસો કરવામાં આવ્યા છે જેનાથી સ્પષ્ટ થઈ ગયું છે કે, નાગરિકતા કાનૂન અંગેનો નિર્ણય ૧૦૦૦ ટકા સાચો છે અનો દેશના હિતમાં છે. ઝારખંડના ડુમકામાં આયોજિત ચૂંટણી રેલીમાં કોંગ્રેસ પર પ્રહાર કરતા મોદીએ કહ્યું હતું કે, કોંગ્રેસ અને તેના સાથી પક્ષો તોફાન સર્જવાના પ્રયાસ કરી રહ્યા છે. તેમની વાત ચાલતી નથી ત્યારે આગ ફેલાવવાના પ્રયાસ કરવામાં આવે છે. આ આગ જે લોકો લાગવી રહ્યા છે તે લોકો કોણ છે તે તેમના વસ્ત્રોથી જાણી શકાય છે. દેશના કલ્યાણ કરવાની અથવા તો દેશના લોકોના હિતમાં નિર્ણય લેવાની કોંગ્રેસ પાસેથી કોઈ અપેક્ષા રાખી શકાય તેમ નથી. પરિવાર અંગે જ નિર્ણય કરી રહ્યા છે. દુનિયાના આઠ દેશોમાં ભારતીય દૂતાવાસની બહાર વિદેશી કોંગ્રેસના પ્રદર્શન પર કોંગ્રેસ પર પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, લંડનમાં ભારતના દૂતાવાસ રહેલા છે. ૧૩૦ કરોડ દેશવાસીઓનું ભારતના લોકો પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. જ્યારે રામ જન્મભૂમિ અંગે નિર્ણય કરાયો ત્યારે પાકિસ્તાનના લોકોએ જઈને લંડનમાં ભારતીય દૂતાવાસની બહાર દેખાવો કર્યા હતા. કલમ ૩૭૦નો નિર્ણય થયો ત્યારે પાકિસ્તાનના લોકોએ હાઈકમિશનની સામે જઈને દેખાવો કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે, હવે કોંગ્રેસનું કામ પણ

● અનુસંધાન પાન-૭ પર

## જરૂર પડે તો નાગરિકતા સંશોધન બિલમાં ફેરફાર કરીશું : અમિત શાહ



ન્યુ દિલ્હી,તા.૧૫

નાગરિકતા સંસોધન કાનૂન પર ઉત્તર પૂર્વના રાજ્યોમાં થઈ રહેલા વિરોધના પગલે અમિત શાહે આ કાયદામાં જરૂર પડે તો બદલવાના સંકેત આપ્યા છે.

ઝારખંડમાં ગૃહમંત્રીએ એક રેલીને સંબોધન કરતા કહ્યુ હતુ કે, મેઘાલયના મુખ્યમંત્રીએ મને કાયદામાં કેટલાક બદલવા કરવા માટે કહ્યુ છે. હું તેમને ક્રિસમસ બાદ મળીશ અને મેઘાલય માટે આ કાયદામાં કોઈ ઉકેલ લાવવા માટે વિચારાશે. કોઈએ આ કાયદાથી ડરવાની જરુર નથી.

અમિત શાહનુ આ નિવેદન બહુ સૂચક મનાઈ રહ્યુ છે. કારણકે પહેલા જ છ રાજ્યો પશ્ચિમ બંગાળ, કેરલ, પંજાબ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને છત્તીસગઢ આ કાયદાને લાગુ નહી કરવા માટે કહી ચુક્યા છે.

દરમિયાન અમિત શાહે કોંગ્રેસ પર હિંસા ભડકાવવાનો આરોપ લગાવતા કહ્યુ હતુ કે, અમે આ બિલ લઈને આવ્યા ત્યારથી કોંગ્રેસને પેટમાં દુખવા માંડ્યુ હતુ. કોંગ્રેસ જ બિલ સામે હિંસા ભડકાવી રહી છે.

# આજે ઝારખંડમાં ૧૫ બેઠક માટે મતદાન

**૨૩ મહિલા સહિત ૨૨૧ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થશે : ચોથા ચરણમાં ડાબેરીની પ્રતિષ્ઠા પણ દાવ ઉપર લાગી : મોદી સહિત ભાજપ તમામ સ્ટાર પ્રચારકો ઝંઝાવતી પ્રચારમાં વ્યસ્ત રહ્યા : તમામ મતદાર ઉત્સુક**

રાંચી, તા. ૧૫

ઝારખંડ વિધાનસભાની ચૂંટણી માટે ચાલી રહેલા મતદાનના ભાગરુપે આવતીકાલે ચોથા તબક્કા માટે મતદાન થશે. આ તબક્કામાં ૨૩ મહિલા સહિત ૨૨૧ ઉમેદવારો ભાગ્ય અજમાવી રહ્યા છે. આશરે ૫૦ લાખ જેટલા મતદારો ૧૫ બેઠક માટે ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા તૈયાર છે. જે વર્તમાન પ્રધાનો આ તબક્કામાં ચૂંટણી મેદાનમાં છે તેમાં અમરકુમાર, રાજ પાલીવાલનો સમાવેશ થાય છે. બોકારો વિધાનસભા સીટ પર સૌથી વધુ ૨૪ ઉમેદવારો રહેલા છે જ્યારે નિરસા સીટ ઉપર આઠ ઉમેદવાર રહેલા છે. ડાબેરીઓ માટે આ તબક્કાની ચૂંટણી મહત્વપૂર્ણ છે. કારણ કે, ભૂતકાળમાં આ વિસ્તારમાં ડાબેરીઓનું પ્રભુત્વ રહી ચુક્યું છે. ડાબેરી પક્ષો અહીં ચાર સીટ ધરાવે છે જેમાં નિરસા, બાગોદર, સિન્દરી અને તુંડીનો સમાવેશ થાય છે. ઝંઝાવતી પ્રચારમાં વડાપ્રધાન મોદી પોતે ભાજપ માટે પ્રચાર કરી ચુકયા છે. રાજકીયરીતે આ તબક્કાની ચૂંટણી ખુબ મહત્વપૂર્ણ છે. કારણ કે આ તબક્કામાં એક પણ સીટ અનુસૂચિત જનજાતિની નથી. પાર્ટીએ અહીં ૨૦૧૪માં ૧૫ સીટ પૈકી ૧૦ જીતી લીધી હતી. જેએમએમને બે અને એજેએસયુ, જેવીએમ અને એનસીપીને એક સીટ મળી હતી. સવારે સાત વાગે મતદાનની શરૂઆત થશે.

## શામલીમાં પરાળ સળગાવવા બદલ ૧૩ ખેડૂતોની ધરપકડ

મુઝફ્ફરપુર,તા.૧૫

ઉત્તર પ્રદેશના શામલી જિલ્લામાં જુદા જુદા સ્થળે પરાળ સળગાવવાના આરોપસર ૧૩ ખેડૂતોની ધરપકડ કરવામાં આવી છે. ખેતરોમાં પાક લણ્યા બાદ વધતા કચરા (પરાળ)ને સળગાવવાની પ્રવૃતિ ગેરકાયદેસર ઠેરવવામાં આવી છે. આમ કરવાથી વાયુપ્રદુષણમાં વધારો થતો હોવાથી સરકાર શિયાળા દરમિયાન ખેડૂતોને પરાળ નહીં સળગાવવા અનુરોધ કરે છે.

# નાગરિકતા બિલ સામે હિંસક પ્રદર્શન યથાવત

**બંગાળમાં વ્યાપક હિંસા : પાંચ જિલ્લાઓમાં ઇન્ટરનેટ ફોન સેવા બંધ : આસામમાં ઉગ્ર વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ ગોળીબારમાં ઘાયલ થયેલા વધુ બે લોકોના સારવાર દરમિયાન મૃત્યુ : મૃતાંક ૪ : કર્ફ્યુમાં હળવી રાહત**






ગુવાહાટી, તા. ૧૫

નાગરિક સુધારા બિલને લઈને હિંસક તોફાનો અને દેખાવોનો દોર જારી રહ્યો છે. આજે પણ દેશના જુદા જુદા રાજ્યોમાં હિંસાઓનો દોર જારી રહ્યો હતો. આસામના પાટનગર ગુવાહાટીમાં પોલીસ ગોળીબારમાં ઘાયલ થયેલા બે લોકોના સારવાર દરમિયાન આજે મોત થયા હતા. આની સાથે જ પોલીસ ગોળીબારમાં માર્યા ગયેલા લોકોની સંખ્યા હવે વધીને ૪ પર પહોંચી ગઈ છે. નાગરિકતા કાનૂન સામેના વિરોધમાં હિંસક દેખાવો દરમિયાન સ્થિતિને કાબૂમાં લેવા સુરક્ષા દળોએ ગોળીબાર કર્યો હતો જેમાં બે લોકો ઘાયલ થયા હતા. આ બંને લોકોના આજે સવાર દરમિયાન મોત થયા હતા. આની સાથે જ મોતનો આંકડો ચાર ઉપર પહોંચ્યો છે. ગુવાહાટી મેડિકલ કોલેજના અધિકારીઓના કહેવા મુજબ શનિવારે મોડી રાત્રે એકનું મોત થયું હતું જ્યારે અન્ય એકનું મોત આજે વહેલી પરોઢે થયું હતું. બીજી બાજુ હિંસક વિરોધ પ્રદર્શન જારી છે. આજે સતત ત્રીજા દિવસે બંગાળમાં હિંસા થઈ હતી. પાંચ જિલ્લાઓમાં હવે ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી છે. ઉત્તર ચોવીસપરગના અને નદિયા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં દેખાવકારોએ હિંસા સર્જી હતી. આગની ઘટનાઓ બની હતી. માલ્દા, મુર્શીદાબાદ, હાવડા, ઉત્તર ચોવીસપરગના અને દક્ષિણ ચોવીસપરગનાના અનેક વિસ્તારોમાં ઈન્ટરનેટ સેવા બંધ કરવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી

● અનુસંધાન પાન-૭ પર

## ‘ફાસ્ટેગ’ માટે એક મહિનાની રાહત

ગાંધીનગર,તા.૧૫

આજથી નેશનલ હાઈવેના ટોલ પ્લાઝા પરથી પસાર થતી ગાડીઓને ઓનલાઈન ટોલ ભરવા માટે ફાસ્ટેગ ફરજીયાત કરવામાં આવ્યું છે. જોકે, સરકારે લોકોની સમસ્યાને જોતા અમલવારીમાં મોટી રાહત આપી છે. ભારત સરકારની ઘોષણા મુજબ આગામી ૧૫મી જાન્યુઆરી સુધી ફાસ્ટેગ નહીં હોય તો રોકડ પૈસા આપી ટોલ ચુકવી શકાશે.

ભારત સરકારના પરિવહન મંત્રાલય મુજબ ૩૦ દિવસ માટે ટોલ પ્લાઝાઓ પર રોકડ પેમેન્ટ માટે મંજૂરી આપવામાં આવી છે. ૧૫ ડિસેમ્બરથી ૧૫ જાન્યુઆરી સુધી ફાસ્ટેગની લેનને હાઈબ્રીડ લેન તરીકે કાર્યરત કરવાની સૂચના આપવામાં આવી છે. એટલે કે આ લેનમાંથી પસાર થતા વાહનો રોકડમાં પણ ટોલ ભરી શકશે.

ફાસ્ટેગ શું છે અને તે કેવી રીતે કાર્ય કરે છે?ફાસ્ટેગ એ ઈલેક્ટ્રોનિક ટોલ સંગ્રહ ટેકનીક છે જે નેશનલ હાઈવે પરના ટોલ પ્લાઝા પર ઉપલબ્ધ છે.

## વીર સાવરકરના પૌત્ર રાહુલ ગાંધી સામે માનહાનિનો કેસ કરશે

ન્યુ દિલ્હી,તા.૧૫

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વીર સાવરકરને લઈને કરેલા નિવેદન બાદ મહારાષ્ટ્રની રાજનીતિ ગરમાઈ છે. ભાજપ અને શિવસેના રાહુલના નિવેદનની ટિકા કરી રહ્યું છે તો બીજી તરફ સાવરકરના પૌત્ર રંજીત સાવરકરે કહ્યું કે, તેઓ મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન ઉદ્ધવ ઠાકરેને મળશે અને રાહુલ ગાંધી વિરુદ્ધ માનહાનિનો કેસ કરશે. સાથે જ રંજીત સાવરકરે કહ્યું કે, કોઈ પણ સાવરકર વિશે આ પ્રકારની અપમાનજક ટિપ્પણી કરતું નથી.

## પૈસા વગર ટ્રેનની ટિકિટ બુક કરી શકાશે

ન્યુ દિલ્હી,તા.૧૫

ભારતીય રેલવેએ એક એવી સુવિધાની શરૂઆત કરી છે, જેના દ્વારા તમે પૈસા વગર પણ ટિકિટ બુક કરી શકો છો.

આઈઆરસીટીસીની આ સુવિધાનું નામ છે. ‘બુક નાઉ’, ‘પે લેટર’ તેનો મતલબ એ થાય છે કે અત્યાર બુકિંગ અને પછી ચૂકવણી કરો. સરળ ભાષામાં સમજીએ તો તમે આઈઆરસીટીસીની વેબસાઈટ પર તમારી ટિકિટ બુક કરી તેની ચૂકવણી ૧૪ દિવસની અંદર કરી શકો છો. સૌથી સારી વાત એ છે કે તેના દ્વારા તમે તત્કાલ ટિકિટ પણ બુક કરી શકો છો.

## બજેટની તૈયારીના ભાગરૂપે મંત્રણાઓનો દોર આરંભાયો

**નિર્મલા સીતારામન સંબંધિતો પાસેથી મત લેશે : આજે પ્રથમ દિવસે ન્યુ ઇકોનોમી, સ્ટાર્ટઅપ અને અન્યના પ્રતિનિધિઓને મળશે : પહેલી ફેબ્રુઆરીના દિવસે બજેટ**

નવીદિલ્હી, તા. ૧૫

બજેટ આડે હજુ સમય રહ્યો છે ત્યારે બજેટ પહેલાની મંત્રણા પ્રક્રિયાની આવતીકાલથી શરૂઆત થઈ રહી છે. નાણામંત્રી નિર્મલા સીતારામન દ્વારા હવે બજેટની તૈયારી શરૂ કરતા પહેલા સંબંધિત વિભાગો પાસેથી તેમના અભિપ્રાય લેવાની શરૂઆત કરી દીધી છે. ઈન્ડસ્ટ્રી બોડી, ખેડૂત સંગઠનો, અર્થશાસ્ત્રીઓ સહિત જુદા જુદા લોકો પાસેથી હવે અભિપ્રાય મેળવવાની શરૂઆત થઈ રહી છે. ગ્રોથને વધારવા અને વપરાશને વધારવા માટેની પહેલ થઈ રહી છે. સુત્રોએ કહ્યું છે કે, સીતારામન મોદી-૨ સરકાર માટે તેમના બીજા બજેટને પહેલી ફેબ્રુઆરીના દિવસે સંસદમાં રજૂ કરશે. બજેટ પહેલાની વાતચીતની પ્રક્રિયા આવતીકાલે શરૂ થયા બાદ ૨૩મી ડિસેમ્બર સુધી ચાલશે. સુત્રોનું કહેવું છે કે, આ વખતે બજેટમાં મુખ્ય ધ્યાન આર્થિક ગતિવિધિને વધુ ઝડપી ઉપર કેન્દ્રિત કરાયું છે. ૨૦૧૯-૨૦ના બીજા ત્રિમાસિક ગાળામાં આર્થિક વિકાસદર ૪.૫ ટકા સુધી નીચે પહોંચી ગયો છે જે છ વર્ષની નીચી સપાટી જોવા મળે છે. નાણામંત્રાલય મુજબ સીતારામન ન્યુ ઈકોનોમી, સ્ટાર્ટઅપ, ફિન્ચ, ડિજિટલ સેક્ટરના સંબંધિતો સાથે આવતીકાલે વાતચીત કરશે.

# સાવરકરના મુદ્દે કોંગ્રેસ પર માયાવતીના આકરા પ્રહાર

**શિવસેનાને લઇને વલણ સ્પષ્ટ કરવા પડકાર : સાવરકરના મામલે કોંગ્રેસ તેમજ શિવસેના આમને સામને ઇતિહાસમાં ધ્યાન આપવા રાહુલને સંજય રાવતની સલાહ**

લખનૌ, તા. ૧૫

બહુજન સમાજ પાર્ટીના અધ્યક્ષ માયાવતીએ સાવરકરના મુદ્દા ઉપર આજે કોંગ્રેસ પર તેજાબી પ્રહાર કર્યા હતા. માયાવતીએ કહ્યું હતું કે, શિવસેના પોતાના મૂળ એજન્ડા ઉપર મક્કમ છે. નાગરિક સુધારા બિલને લઈને કેન્દ્ર સરકારને શિવસેનાએ સાથ આપ્યો છે અને હવે સાવરકરના મુદ્દા ઉપર પણ કોંગ્રેસના વલણથી શિવસેના ખુશ નથી. માયાવતીએ કહ્યું હતું કે, આ તમામ ઘટનાક્રમ હોવા છતાં કોંગ્રેસ પાર્ટી મહારાષ્ટ્રમાં શિવસેનાની સાથે ચાલી રહી છે. કોંગ્રેસ પાર્ટી હવે પોતાની સ્થિતિ સ્પષ્ટ કરી રહી નથી. જો તેના દ્વારા સ્થિતિ સ્પષ્ટ કરવામાં નહીં આવે તો કોંગ્રેસની નાટકબાજી આને ગણવામાં આવશે. માયાવતીએ ટ્વિટ કરીને કહ્યું છે કે, શિવસેના પોતાના મૂળ એજન્ડા ઉપર હજુ પણ મક્કમ છે. નાગરિક સુધારા બિલ પર કેન્દ્ર સરકારનો સાથ શિવસેના આપી ચુકી છે. સાવરકરના મુદ્દે પણ શિવસેના તેના વલણ ઉપર મક્કમ છે છતાં કોંગ્રેસ પાર્ટી શિવસેનાની સાથે દેખાઈ રહી છે. આનાથી કોંગ્રેસના બેવડા ચરિત્રને જોઈ શકાય છે. માયાવતીએ કહ્યું હતું કે, કોંગ્રેસે આને લઈને પોતાનું વલણ સ્પષ્ટ કરવું જોઈએ. જો આવું કરવામાં નહીં આવે તો તેમની પોતાની પાર્ટીની નબળાઈ પર કોંગ્રેસના લોકો નારાજ થશે. સાથે સાથે આને નાટકબાજી તરીકે ગણવામાં આવશે. સાવરકરના મુદ્દે શિવસેના અને કોંગ્રેસ વચ્ચે તલવારો ખેંચાઈ ગઈ છે. ભાજપના રેપ ઈન ઈન્ડિયા નિવેદન પર રાહુલ ગાંધીએ શનિવારના દિવસે કહ્યું હતું કે, તેમનું નામ રાહુલ સાવરકર નથી બલ્કે રાહુલ ગાંધી છે. તેઓ ક્યારેય માફી માંગશે નહીં. રાહુલના નિવેદન બાદ

● અનુસંધાન પાન-૭ પર

## ૪૮ કલાકમાં જ વિભાગો બદલાયા

મુંબઈ,તા.૧૫

ઉધ્ધવ ઠાકરે માટે મહારાષ્ટ્રનુ મુખ્યમંત્રી પદ કાંટાળો તાજ સાબિત થવા માંડ્યુ છે. ઉધ્ધવ ઠાકરને ૪૮ કલાકમાં જ મંત્રીઓના વિભાગો બદલવાની ફરજ પડી છે.

મળતી વિગતો પ્રમાણે જળ સંસાધન વિભાગ હવે છગન ભુજબળ પાસેથી લઈને જયંત પાટિલને આપી દેવાયુ છે. થોડા દિવસ પહેલા જ એવા મીડિયા રિપોર્ટસ વહેતા થયા હતા કે, જયંત પાટિલ ઓછા મહત્વના ખાતા મળવાથી નારાજ છે. એ પછી ઉધ્ધવ ઠાકરેએ વિભાગોમાં ફેરબદલ કરી છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225